# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૦ કેસ

## આજે નોંધાયેલા કેસોમાં ૧ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : ગાંધીનગર તાલુકામાં પાંચ, કલોલમાં ૨, દહેગામ-માણસામાં ૧-૧ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૦ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

આજે મળેલા આ કેસોને પગલે જિલ્લા આરોગ્યતંત્રની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૬ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. આજે નોંધાયેલ કેસોમાં ૬ મહિલા દર્દી છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૯૯ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધી ૨૮૬૪ વ્યકતીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે જે કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં પાંચ, કલોલમાં ૨, દહેગામ-માણસાના ૧-૧ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે ૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. કુડાસણ, ઉવારસદ, સરગાસણ, પેથાપુર અને વાવોલના કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલની એક સોસાયટીમાં રહેતા પરિવારના જમાઈનો કેસ પોઝીટીવ આવેલ છે. જમાઈ અમદાવાદ ખાતે રહે છે પરંતુ ત્યાં દાખલ ન થતાં ગાંધીનગર આવી દાખલ થયા છે અને સસરાના ઘરનું સરનામુ લખાવવામાં આવ્યુ છે.

કુડાસણ ખાતે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા ગાંધીનગર મહાનગરપાલિકાના સ્માર્ટસીટી પ્રોજેકટમાં ફરજો બજાવે છે.

આ મહિલાએ આરોગ્ય વિભાગના પરિપત્ર મુજબ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેની સાથે તેના પતિને પણ હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા આ ફલેટના એક આખા બ્લોકને ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવેલ છે.

મનપાના આ મહિલા અધિકારીએ સતત મનપામાં હાજરી આપી હોવાનું તેમજ બેઠકોમાં પણ હાજરી આપી હોવાથી હવે મનપાના અધિકારીઓ ક્વોરોન્ટાઈન થશે કે કેમ ? તેને લઈ અનેકવિધ અટકળો નગરજનોના મુખે સાંભળવા મળી હતી.

આજે તાલુકાના ઉવારસદ ગામેથી પણ એક ૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીના પરિવારના ૬ સભ્યોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં મોકલવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ યુવતીનો એક ભાઈ શાકભાજીનો છુટક ધંધો કરે છે તો બીજો ભાઈ ઓ.એન.જી.સી.માં નોકરી કરે છે. તંત્ર દ્વારા આ યુવતીના રહેઠાણની આસપાસમાં રહેતા ૧૦૦ જેટલી વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

યુવતીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સરગાસણમાં આવેલ સિદ્ધરાજ ઝોલ્ડમાં રહેતા ભાઈ જવેલર્સના બિઝનેશમેન છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ૪૦ વર્ષની આયુ ધરાવતા આ બિઝનેશમેનને ક્યાંથી ચેપ લાગ્યો તેની તંત્ર દ્વારા તપાસ ચાલી રહી છે.

હાલ તો તેમના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી બિઝનેશમેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પેથાપુર પાસેથી પણ એક યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ યુવતી તાજેતરમાં ઈદના પર્વની ઉજવણી માટે વતન પેથાપુર આવી હતી.

આ યુવતીના પિતા તબીબ છે અને અમદાવાદ ખાતે રહી પ્રેકટીસ કરી રહ્યા છે.

કલોલ તાલુકામાં પણ આજે વધુ બે કેસ પોઝીટીવ મળી આવ્યા છે. જે પૈકી એક કલોલ અર્બન વિસ્તારમાંથી કેસ મળ્યો છે તો બીજો કેસ કલોલ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવેલ છે.

કલોલ અર્બન વિસ્તારમાં ગામના ટેકરા પર મળેલા ૩ કેસ બાદ આજે એક મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આ ઉપરાંત કલોલ ગ્રામ્ય વિસ્તાર મોખાસણમાં ગઈકાલે એક વૃદ્ધના પોઝીટીવ રિપોર્ટ બાદ તેમના પત્નીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં આ વૃદ્ધાને સારવાર માટે ગાંધીનગર સિવિલ

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧૪માં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

## શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦ થઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પોઝીટીવ કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૦૦ થઈ છે.

ગાંધીનગરના સે. ૧૪ માંથી આજે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા અમદાવાદ શહેરના વસ્ત્રાલમાંથી ગત તા. ૨૧મીના રોજ ગાંધીનગર આવેલ છે.

છેલ્લા ચાર દિવસથી આ મહિલાને તાવ આવતો હતો. તંત્રના ચાલી રહેલ સર્વેલન્સ દરમ્યાન આ હકીકત ધ્યાને આવતાં નમુના લઈ ચકાસણી માટે મોકલવામાં આવતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટવ આવેલ છે.

આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ મહિલાના પરિવારના પાંચ જેટલા સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપાના તંત્ર દ્વારા આ મહિલા દર્દીના ઘરની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી અને સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦ પર પહોંચી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા ૧૦૦ દર્દી પૈકી ૭૧ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૨ દર્દીના સારવાર દરમ્યાન મૃત્યુ થયા છે. જ્યારે હાલ ૨૭ દર્દી એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં હાલ ૪૭૪ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૬૧ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ તો ૨૧૩ લોકો ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે. આજે ૩ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# અમદાવાદમાં મોડીસાંજે વરસાદી ઝાપટુ

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં કોરોનાના કહેર વચ્ચે ભીમ અગિયારસની પૂર્વસંધ્યાએ ભારે વીજ કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટું વરસ્યું હતું.

અમદાવાદના ખોખરા, હાટકેશ્વર, અમરાઈવાડી, મણીનગર, નારોલ, ઈસનપુર, ઘોડાસર, વટવા, જશોદાનગર, વસ્ત્રાલ, ઓઢવ, રખિયાલ, સરસપુર, નરોડા, બાપુરનગર ઉપરાંત પાલડી, વાસણા અને આંબાવાડી વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું.

અમદાવાદમાં પડેલા વરસાદ અંગે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પ્રિમોનસુન એક્ટિવિટીના ભાગરૂપે આ વરસાદ પડ્યો હતો. જોકે ગુજરાતના દરિયાકાંઠા પર પસાર થનાર વાવાઝોડાની અસર પણ હોવાની શક્યતા પણ છે. સાથોસાથ ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વિસ્તારમાં પણ હળવાથી ભારે વરસાદના અહેવાલો છે. ખાસ કરીને સુરત, ભરૂચ અને દમણ વિસ્તારમાં ભારે વરસાદ વરસ્યો હતો.

જ્યારે સૌરાષ્ટ્રમાં ગોંડલ, ઉના, અમરેલી તથા ભાવનગરના તટ વિસ્તારમાં તોફાની પવન સાથે વરસાદ પડ્યો હતો.

રાજ્યના અનેક વિસ્તારોમાંથી વૃક્ષો ધરાશયી થયા હોવાના અહેવાલો પણ પ્રાપ્ત થયા છે. હજુ આવતીકાલથી ૪૮ કલાક સુધી રાજ્યભરમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે સુરતમાં ૯૦ થી ૧૦૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે એમ પણ હવામાન વિભાગ જણાવે છે.

# જુના સેકટરોમાં ભયજનક ૧૨૮૬ મકાનો તોડી નંખાશે

**શહેરના સે-૨૨, ૨૩,,૨૮ અને સે-૨૯ માં જોખમી આવાસો પૈકી હજુ ૫૭૭ ખાલી કરાવાશે હાલની સ્થિતિએ ૬૦૦ જેટલા મકાનો ખાલી : આગામી દિવસોમાં આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરના સેકટરોમાં અત્યાર સુધી સંખ્યાબંધ મકાનોનો કડુસલો કરવામાં આવ્યો છે. નવા મકાનો બાંધવા માટે જગ્યા ખુલ્લી થાય તેમજ કર્મચારીઆના માથે સલામત છત મળે તેવા આશયથી હજુ પણ શહેરમાં જોખમી મકાનો તોડવા માટે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. શહેરના ચારેય સેકટરોમાં ૧૨૮૬ મકાનો તોડવામાં આવશે. સેકટરોમાં હાલ ૬૦૦ જેટલા મકાનો ખાલી છે. જુદી જુદી કક્ષાના આવાસો તોડવામાં આવ્યા બાદ તબક્કાવાર મકાનો ખાલી કરાવાશે ત્યારબાદ આ મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરાશે.

શહેરના સેકટરોમાં નવા આવાસોનુ નિર્માણ કરવાની કામગીરી પણ લોકડાઉનમાં બંધ હતી. જયારે છેલ્લા બે મહીનાથી અનેકવિધ વિકાસ કામો પણ અટવાયેલા છે. જયારે હાલ સેકટરોમાં જુના અને જર્જરિત આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે પણ બે તબક્કે કામગીરી ચાલી રહી છે. શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓ જુના છે. જયારે અગાઉ આ મામલે સર્વે હાથ ધરાયા બાદ જુના અને જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે આ માટે તંત્ર દ્વારા મકાનો ખાલી પણ કરાવામાં આવી રહ્યા છે. શહેરમાં મકાનો તોડવાની કામગીરી પણ હાલ ઠપ્પ થઈ ગઈ છે. શહેરના સે-૨૨ , સે-૨૩, સે-૨૮ અને સે-૨૯ માં વિવિધ કક્ષાના જોખમી આવાસો તોડવા માટે કેટલા આવાસો ખાલી છે અને કેટલા આવાસોમાં હજુ વસવાટ છે. તે અંગેનો સર્વે પણ કરી દેવાયો છે. જેમાં આ ચારેય સેકટરોમાં નિકાલ હેઠળના અલબત્ત ૧૨૮૬ જોખમી મકાનો તોડવા માટે નિર્ણય લેવાયો છે. જયારે આ પૈકી ૫૭૭ મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે. જયારે ૬૦૯ મકાનો ખાલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલય પુનઃ ધબકતુ થયુ

## અઢી મહિના જેટલા સમયગાળા બાદ સચિવાલયની તમામ કચેરીઓ પૂર્ણ સ્ટાફ સાથે શરૂ થઈ : ટેમ્પરેચર ગનથી તાપમાન માપ્યા બાદ જ કચેરીમાં પ્રવેશ





ગાંધીનગર, તા. ૧

કોરોનાની મહામારી વચ્ચે જનજીવનને પુનઃ ધબકતુ કરવા સરકારી કચેરીઓ પૂર્ણ સ્ટાફ સાથે ધમધમતી થઈ છે. નવા સચિવાલયના મુખ્ય ગેટ પાસે દરેકે દરેક કર્મચારીનું ટેમ્પરેચર ટેમ્પરેચર ગનથી માપવામાં આવ્યુ હતુ તથા સેનેટાઈઝરનો ઉપયોગ કરાયો હતો.

રાજયના પાટનગર ગાંધીનગરમાં આજે વિશેષ ચહલપહલ જોવા મળી હતી. સચિવાલય, વિધાનસભા સહિતની તમામ સરકારી કચેરીઓ પુનઃ ધમધમતી થઈ છે. તમામ કચેરીઓને પૂર્ણ સ્ટાફ સાથે શરૂ કરાતા આજે શહેર જાણે બે-અઢી મહિના બાદ જીવંત થઈ ઉઠ્યુ હતુ. મોટા ભાગનો સ્ટાફ હાજર થઈ ગયો હતો.

કર્મચારીઓએ આજે પ્રથમ દિવસે ઓફિસ ડેસ્કની સાફ-સફાઈ કરી પોતાના કાર્યના શ્રીગણેશ કર્યા હતા. મોટાભાગના કર્મચારીઓ માસ્ક સાથે જોવા મળ્યા હતા. નવા સચિવાલયમાં પ્રવેશતા મુખ્ય ગેટ પાસે આરોગ્ય કર્મચારીઓએ મોરચો સંભાળ્યો હતો. તેઓએ એક એક કર્મચારીનું તાપમાન ટેમ્પરેચર ગન વડે ચેક કર્યુ હતુ. ગેટ પાસે જ હેન્ડ સેનેટાઈઝર પણ ઉપલબ્ધ કરાવાયુ હતુ.

કર્મચારીઓએ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવી એકબીજાના ખબર-અંતર પૂછ્યા હતા. લોકડાઉનના સમયગાળામાં શુ પ્રવૃત્તિ કરી તેની પણ પૃચ્છા કરી હતી.

કચેરીઓ શરૂ થતાં ગાંધીનગરમાં આખો દિવસ મુખ્ય માર્ગો પર ખૂબ જ અવરજવર જોવા મળી હતી. જો કે સચિવાલય-વિધાનસભામાં હજુ મુલાકાતીઓ માટેના પ્રવેશને નિયંત્રિત કરવામાં આવ્યો છે.

## 'વૈષ્ણવજન' ગાન સાથે મંત્રીઓએ કામગીરી શરૂ કરી

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓએ અનલોક-૧ અંતર્ગત સોમવાર ૧લી જૂનથી ફરીથી પોતાના કાર્યાલયમાં પ્રવેશ કરી રોજિંદી કામગીરીનો આરંભ કર્યો છે.



મુખ્યમંત્રીએ રાજયના પ્રજાજનો-નાગરિકોના જનહિત કાર્યો અને પ્રજાલક્ષી નિર્ણયોને વેગવાન બનાવી જનજીવન પૂનઃ ધબકતું કરવાની પ્રતિબદ્ધતા સાથે રોજિંદા કામકાજનો પ્રારંભ કર્યો છે.

રાજ્ય સરકારની સચિવાલય સહિતની વિવિધ કચેરીઓ પણ ૧લી જૂનથી વિધિવત પૂનઃ કામગીરી કરતી થઈ ગઈ છે.

મુખ્યમંત્રીએ આજે કાર્યારંભ કરતાં પૂર્વે સ્વર્ણિમ સંકુલ-૧ના મુખ્યમંત્રી-મંત્રી કાર્યાલયોના પરિસરમાં વૈષ્ણવજન...ગાન શ્રવણ સાથે પ્રવેશ કર્યો હતો અને બે મિનીટનું મૌન પાળી વૈશ્વિક મહામારી કોરોનામાં જાન ગૂમાવનારા દિવંગત વ્યકિતઓ પ્રત્યે આદરાંજલિ અર્પણ કરી હતી.

આ વેળાએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, મંત્રીઓ સર્વ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૌશિકભાઇ પટેલ, સૌરભભાઇ પટેલ, વિભાવરીબહેન દવે, મુખ્ય સચિવ અનિલ મુકિમ સહિતના વરિષ્ઠ સચિવો પણ મુખ્યમંત્રી સાથે જોડાયા હતા.

મુખ્યમંત્રી કાર્યાલય અને મંત્રીઓના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓએ પણ સોશિયલ ડિસ્ટન્સીંગના અનુપાલન અને માસ્ક સાથે ઉપસ્થિત રહી પોતાના કાર્યનો આરંભ કર્યો છે.

# બે મહિનાના અંતે નગરના માર્ગો પર સલામત સવારી દોડી : બસ સેવા શરૂ થઈ

**પોઇન્ટ બસ સેવા માટે ૩૦ બસો દોડાવામાં આવી : જરૂરી નિયમોના પાલન સાથે બસસેવા શરૂ કરાઇ : મંગળવારથી ઉત્તર ગુજરાતના રૂટની જરૂરી બસ સેવા પણ શરૂ કરાશે : તબક્કાવાર સૌરાષ્ટ્ર સહીતના દુરના રૂટની બસો પણ દોડશે**




ગાંધીનગર તા ૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં આજથી પોઈન્ટ બસ સેવા શરૂ કરવામાં આવી હતી. ડેપોમાંથી પોઈન્ટ બસો ઉપડી સવારે સચિવાલય પોઈન્ટના બસ સ્ટોપ પર આવી હતી. ગાંધીનગર અમદાવાદ વચ્ચે ૬૮ દિવસના અંતે શરૂ થયેલી પોઈન્ટ બસ સેવામાં આજે જરૂરી સોશિયલ ડીસ્ટન્સીંગનુ કડક રીતે પાલન કરવામાં આવ્યુ હતુ. અલબત્ત બસમાં મુસાફરો બેસવાની ક્ષમતા સામે ૫૦ ટકા જેટલા મુસાફરોને સ્થાન આપવામાં આવ્યુ હતુ. ડેપો દ્વારા પોઈન્ટની બસ સેવાને અનુલક્ષી ૩૦ જેટલી બસો દોડાવામાં આવી હતી. જયારે સાંજના સમયે પણ જરૂરી નિયમોના અમલ સાથે પોઈન્ટની બસ સેવા રૂટમાં દોડી હતી. સરકારે નક્કી કર્યા મુજબ આજથી સચિવાલય સહીત અન્ય સરકારી કચેરીઓ ધમધમતી થતા પોઈન્ટની તમામ બસ સેવા શરૂ કરી દેવામાં આવી હતી જેમાં અમદાવાદના કન્ટેનમેન્ટ ઝોન સિવાય આ બસ નિયત પોઈન્ટ પરથી કર્મચારીઓને બેસાડી પોઈન્ટ ટુ પોઈન્ટ જ દોડી હતી. અલબત્ત રૂટમાં આવતા સ્ટોપ પર બસ ઉભી રહી ન હતી. જયારે રૂટમાં વચ્ચેથી મુસાફરોને બેસાડવામાં આવ્યા ન હતા. આ ઉપરાંત બસમાં કોઈ પણ મુસાફરો ઉભા ન રહે તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. બસમાં બેઠેલા મુસાફરોના તમામ મુસાફરોના મોં પર માસ્ક જોવા મળ્યુ હતુ. જયારે મુસાફરો બસ ઉપડે તેના ૧૫ મિનિટ અગાઉ જ પોઈન્ટ પર આવી ગયા હતા. જેથી મુસાફરોનુ ટેમ્પરેચર ગનથી ચેકીંગ પણ કરાયુ હતુ. જયારે આજે પણ ડેપોમાં સુનકાર જોવા મળ્યો હતો . ડેપો સંકુલમાં કોઈ બસ દોડી ન હતી. અલબત્ત પોઈન્ટ બસ સેવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભાની ૪ બેઠકની ચૂંટણી ૧૯મી જૂને યોજાશે

અમદાવાદ,તા.૧

ગુજરાતમાં આગામી ૧૯મી જુને યોજાનાર રાજ્યસભાની ચાર બેઠક માટે ભાજપે રમીલાબેન બારા, અભય ભારદ્વાજ અને નરહરિ અમીનને ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા છે. જ્યારે કોગ્રેંસ પક્ષે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને ઉભા રાખ્યા છે. રાજ્યસભા ગુજરાતની આ ચૂંટણી રસાકસી ભરી બની રહેશે.

ચૂંટણી પંચે ગુજરાતની ચાર બેઠક આંધ્રપ્રદેશની ૪ બેઠક, ઝારખંડની ૨ બેઠક, મધ્યપ્રદેશની ૩ બેઠક, મણીપુરની ૧, મેઘાલયની ૧ અને રાજસ્થાનની ૩ બેઠક સહિત ૧૮ રાજ્યસભાની બેઠક માટે આજરોજ જાહેરનામુ બહાર પાડ્યુ છે.

૧૯મી જુનના સવારે ૯થી ૪ દરમિયાન વોટીંગ થશે. ભાજપે ગુલબર્ગ કેસ લડેલ વકીલ અભય ભારદ્વાજ અને ૨૦૧૭માં ખેડબ્રહ્માથી ચૂંટણી હારી ચુક્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com